**Capital World (Gujarati) Pg 5, 14th July 2022**

# અમેરિકામાં ફુગાવો અંદાજ કરતા વધુ આવતા બિટકોઈનમાં ૮૦૦ ડોલરનો ઘટાડો

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૧.૫૬ ટકાનો ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૧૩**

અમેરિકામાં રિટેલ ફુગાવો અંદાજ કરતા ખુબ જ વધુ આવતા ૧૩મી જુલાઈએ બિટકોઈન ૮૦૦ ડૉલર જેટલો ઘટી ગયો હતો. અમેરિકામાં જૂન મહિનામાં રિટેલ ફુગાવો ૯.૧ ટકા રહ્યો છે, જે ૨૦ વર્ષની ટોચે છે.

પહેલાથી જ બિટકોઈને ૨૦,૦૦૦ ડૉલરની સપાટી ગુમાવતા રોકાણકારોનું સેન્ટિમેન્ટ ખોરવાયુ હતું, એવામાં અમેરિકામાં ફુગાવો વધતા ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરશે તે નિશ્ચિત દેખાય છે.

નિષ્ણાતોએ કહ્યું કે છેલ્લા ૧૧૦ વર્ષમાં ફક્ત બાર વખત જ ફુગાવો ૯ ટકાની ઉપર રહ્યો છે. આમ આગામી સમયમાં બિટકોઈનમાં ઘટાડો થવાની સાથે અલ્ટકોઈનમાં પણ કડાકો આવવાની સંભાવના છે. બુધવારે દિવસ દરમિયાન ટોચની ૧૦ ક્રિપ્ટોકરન્સીનુંમાર્કેટ કેપિટલાઈઝેશન ત્રણથી ચાર ટકા ઓછુ રહ્યુ હતું.



અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ બુધવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૧.૫૬ ટકા (૪૦૬.૩૦ પોઈન્ટ) ઘટીને ૨૫,૯૯૦.૦૧ પોઈન્ટ બંધ રહ્યો હતો.